# જનક

જનક રાજા વિદેહી કહેવાતા. 'વિદેહી' એટલે દેહથી પર. એટલે કે આત્મા રૂપે વર્તવું તે. તેના રાજ્યમાં બે બ્રાહ્મણો રહેતા હતા. તેમાં એક વિદ્વાન હતો અને એક સામાન્ય હતો. વિદ્વાને કહ્યું, 'ચાલો, જનક રાજાને જઈને પૂછીએ કે તમે વિદેહી કેમ છો ?' બીજો કહે, 'રહેવા દે. રાજા, વાજાં ને વાંદરાં. તેમનો વિશ્વાસ ન કરાય. કોણ જાણે ક્યારે શું કરી બેસે !'

'પણ પૂછવામાં શું જાય છે ?' પહેલાંએ કહ્યું.

પછી બંને જણા મનમાં નક્કી કરીને જનક રાજા પાસે પહોંચ્યા. જનક રાજાએ કહ્યું, 'આવો, શું કામ છે ?'

'તમે વિદેહી શા માટે કહેવાઓ છો ?' પેલા વિદ્વાન બ્રાહ્મણે પૂછ્યું. આ સાંભળી તરત જ જનક રાજાએ સૈનિકોને હુકમ કર્યો, 'આ બે બ્રાહ્મણોને કેદ કરી લ્યો.' બ્રાહ્મણો ગભરાયા.

ત્યાં તો જનક રાજાએ કહ્યું, 'કાલે સવારે દસ વાગે તેમને ફાંસી આપવાની છે. પણ એ પહેલાં આ બંનેને મોટા બંગલામાં લઈ જાવ. સારી રીતે ત્યાં રાખો.'

હુકમ થઈ ગયો, તેથી પેલા સામાન્ય ભણેલાએ કહ્યું, 'હું નહોતો કે' તો કે રાજા, વાજાં અને વાંદરાંનો વિશ્વાસ નહીં. મેં ના પાડી હતી તોય આપણે આવ્યા !' એમ તે વિલાપ કરવા લાગ્યા.

બંને બ્રાહ્મણોને રહેવા માટે સારામાં સારો બંગલો આપવામાં આવ્યો. તેમાં સુંદર સેજ, પલંગ મચ્છરદાની, ગાદલાં બધું જ હતું. પણ આ બંનેને તો ફાંસી જ દેખાય. સુખ આવે જ નહિ. બપોરના બાર વાગ્યા. સોનાના થાળમાં દૂધપાક–પૂરી ને શાક પિરસાયું, પણ આ બ્રાહ્મણોને શેના ખાઈ શકે ? ગોળ ભોજનની થાળી પણ તેમને ફાંસીનો ગાળિયો હોય તેવી જ દેખાય ! 'અહોહો ! રાજાએ બંગલો દીધો. પણ નખ્ખોદ કાઢ્યું. બંગલો ઝેર

જેવો થઈ ગયો. ખાવાનું ભાવે નહિ. મન ફાંસીમાં વહ્યું ગયું. વરસ જેવડી રાત થઈ ગઈ !' આમ, બેય જણા દુઃખની વાતો કર્યા કરે.

આમ ને આમ સવાર પડયું. સરસ મજાનાં દાતણ આવ્યાં. સોનાની ડોલોમાં ઊનાં પાણી આવ્યાં. આમને તો દાતણ ગમ્યાં નહિ ને ઊનાં પાણી પણ ગમ્યાં નહિ. 'હમણાં દસ વાગશે ને ફાંસીએ ચડાવશે.' એમ બંનેને ફાંસી જ દેખાયા કરે. વિદ્વાન બ્રાહ્મણને એક વિચાર આવ્યો. તેણે નોકરને બોલાવીને વાત કરી, 'ભગવાન ભજવા આ મનુષ્ય દેહ ભગવાને આપ્યો છે, પછી જો રાજા અમને ફાંસી દઈ દેશે, તો અમારો મોક્ષ થાય નહિ. માટે રાજા સાહેબને કહો કે બીજો દંડ આપે.'

નોકર આ બંનેને રાજા પાસે લઈ ગયો. બ્રાહ્મણોએ વાત કહી, 'અમે આ દેહે હજી ભગવાન ભજ્યા નથી, સત્સંગ કર્યો નથી, કોઈ સત્પુરુષ પાસે ગયા નથી. માટે અમને કોઈ બીજો દંડ આપો.'

રાજાએ કહ્યું, 'કોઈ હાજર છે ?'

'હા'.

'બે સોનાનાં છલોછલ તેલ ભરેલાં પાત્ર આ બંનેના હાથમાં આપો. બંનેને આખી મિથિલા નગરીમાં ફેરવો. તેમની બંને બાજુ બે સિપાઈ ઉઘાડી તલવારે હાજર રહે. જો જરાક તેલ ઢળે તો તરત તેમનું માથું ઉડાડી નાંખજો !'

આ બંને ગભરાયા, 'આ વળી એના જેવું જ. આભેથી છટક્યા તો ખજૂરે લટક્યા !' બંનેને તેલનાં પાત્ર અપાયાં. મિથિલામાં જોવાનું – જાણવાનું ઘણું. પણ આ બંનેને નજર તો તેલના પાત્ર ઉપર જ રહે, 'જો તેલ જરાક ઢળ્યું તો હમણાં ભોડું ઊડયું..... હમણાં માથું ધડથી અલગ !' આમ બંને ત્રણ કલાક નગરીમાં ફર્યા. અને આખરે જનક રાજા પાસે આવ્યા.

જનકે કહ્યું, ‘આવો ભૂદેવો, તમને મેં પહેલાં ફાંસીનો હુકમ આપ્યો હતો, તે વખતે તમને સૂવાનાં સેજ પલંગ, રેશમી રજાઈઓ, સોનાના થાળ, ભાત ભાતનાં પકવાનો બધું કેવું લાગ્યું ?’

‘નામદાર, અમને એ બધાંમાં કાંઈ જ સુખ આવ્યું નથી. અમને તો માત્ર ફાંસીનો ગાળિયો જ દેખાતો હતો.’ પછી જનકે પૂછ્યું, ‘સારુ, અમારી મિથિલા નગરી તમને કેવી લાગી ? નગરમાં તો તમે ત્રણ કલાક ફર્યા. તેમાં શું જોયું ?’



‘નગરી તો જોઈ છે જ કોણે ? અમારી નજર તો સોનાના પાત્રમાં જ હતી. રખે ને એક ટીપું તેલ નીચે ઢોળાઈ જાય તો ! અમારું માથું કોળાની જેમ કપાઈ જ જાયને ! અમને તો ઉઘાડી તલવાર ચક ચક થાય એ એક દેખાય. આમ, અમે તેલમાં જ વૃત્તિ રાખી હતી. અને માંડ માંડ તમારા દરબારમાં પહોંચ્યાં છીએ !’

પછી જનક રાજાએ બ્રાહ્મણોને સમજાવ્યું, 'હું આ સંસારમાં–રાજ્યમાં રહ્યો છું. પણ હમણાં મૃત્યુ મારે માથે આવી પડશે, એમ બીક રાખું છું. તેથી લોકો મને 'વિદેહી' કહે છે. સંસાર વ્યવહારમાં છું. બૈરાં–છોકરાં છે. ગુનેગારને દંડ દઉં છું. વગેરે કામ કરું છું. પણ વૃત્તિ અખંડ ભગવાનમાં જ છે. જો મારી વૃત્તિ જરાક ભગવાનમાંથી બહાર ગઈ, તો 'કાળ ભોડું કાપી નાખશે.' એવી મને બીક રહે છે.'

પછી જનક રાજાએ આ બંને બ્રાહ્મણોને જમાડયા. દાન આપ્યું અને કહ્યું, 'જો મેં તમને પહેલાં આમ કહ્યું હોત, તો તમને વાત બરાબર સમજાત નહીં. તેથી તમને મેં આ અનુભવ કરાવ્યો.'

હા મિત્રો, આપણે પણ સંસારમાં છીએ, પણ જનક રાજાની જેમ વૃત્તિ ભગવાનમાં રહે, આશરો ને દૃઢ નિષ્ઠા રહે, આજ્ઞા–ઉપાસના રાખીએ, તો ભગવાન આપણી રક્ષા કરે.

■